ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ ના અધિકારીઓના પેન્શન અને ગ્રેજયુઇટી બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ આરઇટી-૧૦૨૦૧૨-૧૯૩૫-ઝ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૪-૫-૨૦૧૩

પ રિ પ ત્રઃ-

ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ખાતાના વડા સિવાયના તમામ વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના પેન્શન અને ગ્રેજયુઇટી મંજુર કરવા ખાતાના વડાને સત્તા સોંપણી કરાયેલ છે, જેથી નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ(પંચાયત પ્રભાગ) હસ્તકની જિલ્લા પંચાયત કચેરીઓ, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, તમામ પંચાયતી રાજ તાલીમ કેન્દ્રો અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયના અન્ય વિભાગોની જગ્યાઓ ઉપર નિમણૂંક આપેલ હોય તેવા તમામ ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ના અધિકારીઓના પેન્શન અને ગ્રેજયુઇટી વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજયએ મંજુર કરવાના રહેશે.

(૨) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ(ગ્રામ વિકાસ પ્રભાગ) હસ્તકની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચેરીઓ, ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીની કચેરીમાં ફરજ બજાવતા અને ઘટક કક્ષાએના તમામ તાલુકા વિકાસ અધિકારી(ગ્રામ વિકાસ) એમ તમામ ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ ના અધિકારીઓના પેન્શન અને ગ્રેજયુઇટી ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજયએ મંજુર કરવાના રહેશે.

(૩) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદની કચેરીમાં ફરજ બજાવતા તમામ ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ના પેન્શન અને ગ્રેજયુઇટી સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદએ મંજુર કરવાના રહેશે.

(૪) રાજય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા, જુનાગઢની કચેરીમાં ફરજ બજાવતા ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ના અધિકારીઓના પેન્શન અને ગ્રેજયુઇટી નિયામકશ્રી, રાજય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા, જુનાગઢએ મંજુર કરવાના રહેશે.

ઉકત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિર્વાણ શાહ )
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી અને અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ
- નિયામકશ્રી, રાજય ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થા, શશીકુંજ, જુનાગઢ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ(તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(તમામ)
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી(તમામ)
- શાખા સિલેકટ ફાઇલ